ગાંધીનગર સમાચાર

સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

સલામી સવારની..

ઘરમાં તો લડીને થાય વિજયી સ્ત્રી સશક્ત છે
સેનામાં પમ લડશે સરહદે સ્ત્રી સશક્ત છે...
સ્ત્રી સશક્ત હથિયાર છે રાજકારણમાં પણ -
રાખે જીભનું શસ્ત્ર, આંસુની ઢાલ, સ્ત્રી-શસક્ત છે...
('સુપ્રીમ'નો સ્વીકાર)

હાઈકુ

આવતા ભવે -
ઘેર ઘેર બળદ !?
ખેતી સુવિધા !
(અપવિત્ર અન્ન ખાવાનું પરિણામ !!)

સમાનતામાં
'પ્રાકૃતિક રચના'
કરી છે ભૂલ !!
(પ્રાકૃતિક દોષ ?!)

ચિંતન

કૃતમ્ ન કતિ જન્માનિ કાયેન મનસા ગિરા ।
દુ:ખમ્ આયાસદમ્ કર્મ તત અદ્ય અપિ ઉપરમ્યતામ્ ॥

ઉપરોક્ત શ્લોક અષ્ટાવક્ર ગીતામાંથી લેવામાં આવેલ છે.

ન જાણે કેટલા જન્મોથી મન, વચન અને શરીરથી, તે દુ:ખપ્રદ અને થકવી નાખનારાં કાર્યો કર્યા છે, તેથી હવે તો તું આરામ કર !!

તાત્પર્ય એ જ છે કે જન્મોજનમથી તું કંઈ ને કંઈ કરતો આવ્યો છું. પછી તે સુકૃત્ય હોય કે દુષ્કૃત્ય ! મનથી વિચારો દ્વારા કરતો રહ્યો છું, વાણીથી વચનો દ્વારા કરતો રહ્યો છું. ન શરીરથી પણ કર્મ કરતો રહ્યો છું. છતાં મળ્યું શું ? આમ છતાં મનને શાંતિ મળી નથી તો હવે એક વખત બધું છોડી દે, માત્ર આરામ કર.

સાક્ષીભાવ કેળવીને બધું, જોયા કરવું, જે કંઈ જેમ થતું હોય તેમ થવા દેવું, વચ્ચે આપણે ન આવવું. ઝેન ફિલસોફીમાં આને 'ઝીઝેન' કહે છે. ઝીઝેનમાં કંઈ જ કરવાનું નથી ધ્યાન પણ નહીં. ધ્યાન પણ કોઈ કૃત્ય ન બનવું જોઈએ. ઝીઝેન એટલે માત્ર વિશ્રામ. સાક્ષીભાવે બધું જોયા કરવું.

સુવિચાર

- પવન કદીયે એક દિશામાં વાતો નથી, દરિયો કદીયે એક જ કિનારે સ્થિર થતો નથી. ઝરણું કયારેય અટકી જતું નથી. તો પછી સમય કેવી રીતે કાયમ એક સરખો જ રહે? **- ક્રિષ્ણકાન્ત ઉનડકટ**
- માનસિક દુ:ખ, કાલ્પનિક ભય અને સંજોગો સામેની ફરિયાદો જે ટાળી શકે છે તેના માટે કંઈ જ અશક્ય નથી, તમારા વિચારોને નવી દિશા આપો, તમને દરેક દિવસ જીવવા જેવો લાગશે **- ડો. ચંદ્રકાન્ત મહેતા**
- વંટોળિયા અને વાદળોથી કયારેય મેઘધનુષ ન થઈ શકે **- સંત ડેનિયલ**
- ફરક કયાં છે આનંદ કે વેદનામાં, જુઓ બેઉ લઈ જાય ઉત્તેજનામાં **- હેમેન શાહ**
- સાચું એચિવમેન્ટ એ છે જયારે તમારા લોકોને તમારા માટે ગૌરવ અને આદર હોય, સાચું ફુલ એ છે કે જે બગીચામાં ખીલે, રણની વચ્ચે એકલું ખીલેલું ગુલાબ કોઈને સુગંધ આપી શકતું નથી **- ક્રાંતિ ભટ્ટ**
- તમે પ્રતિષ્ઠાને લાયક બનો અને તમને પ્રતિષ્ઠા ન મળે તો તે ચાલશે, પણ પ્રતિષ્ઠાને પાત્ર બન્યા વિના જ પ્રતિષ્ઠા મળે તો તે નુકશાનકારક નીવડે છે **- પોર્ટુગીઝ કહેવત**
- આજનું ઔષધ : સંધિવાના સોજા ઉપર અજમાવાનું તેલ લગાડવાથી ફાયદો થાય છે

(સંકલન : દીપક વી. આશરા)

બોધકથા

પતિ-પત્નીનો સ્નેહ, મિત્ર તરફનો પ્રેમ, ભાઈબહેનનું વ્હાલ. વગેરે સારી ભાવનાઓ છે. પણ એ જો મોહનું સ્વરુપ લઈ લે તો ઈશ્વરપ્રેમમાં તે બાધારુપ થાય છે. ઈશ્વર પ્રત્યેનો પ્રેમ એ જ સાચો અને ઉચ્ચ પ્રેમ છે. એક લુંટારો હતો તે વાલ્મિકી ઋષિની જેમ પછી ધર્મનિષ્ઠ થઈ ગયો. તે ધીમે ધીમે એવું માનતો હતો કે ઈશ્વર એક જ સત્ય છે અને ઈશ્વર પ્રત્યેનો પ્રેમ જ એકમાત્ર સાચો પ્રેમ છે. એક દિવસ - એની આંખો ઉઘડી જાય તેવો એને અનુભવ થયો. એક દિવસ તે પોતાના નાના પુત્રને વ્હાલથી રમાડતો હતો. પુત્રએ પિતાને પૂછ્યું, 'બાપુ, શું તમે મને પ્રેમ કરો છો ?' બાપાએ કહ્યું, 'હા બેટા, હું તને ખૂબ જ પ્રેમ કરું છું.' પુત્રએ નિર્દોષભાવે પિતાને પૂછ્યું, 'પણ તમે તો અમને એવું પણ કહ્યું છે કે તમે ઈશ્વરને ખૂબ પ્રેમ કરો છો. અને આપણે ઈશ્વરને જ પ્રેમ કરવો જોઈએ. તો પછી તમે એક હૃદયથી બે જણને કેવી રીતે પ્રેમ કરી શકો ?' પુત્રની વાત સાંભળી પિતાને ભાન થયું કે તે જેને પ્રેમ માનતો હતો એ ખરેખર લાગણીથી ભરેલો મોહ હતો. તેણે તો આવો વ્યર્થ મોહ છોડીને ઉચ્ચ કક્ષાના શુદ્ધ પ્રેમ તરફ પહોંચવાનું છે' આંખ ઊઘડી ત્યારે પિતાએ કહ્યું, 'જેને માનવજાતનો સૌથી ઉમદા ભાવ ગણવામાં આવે છે એ લાગણી પ્રેમથી પણ ઉપર ઉઠીને માણસે ઈશ્વરને પ્રેમ કરવા સુધી આગળ વધવાનું છે.'

દિલ્હીમાં થાળે પડી રહેલો જવાળામુખી

તંત્રીસ્થાનેથી...

વાઘ લોહી ચાખી જાય તે પછી માનવભક્ષી બની જતો હોય છે. દિલ્હીમાં શીખોના નરસંહાર પછી કોઈ મોટી સાંપ્રદાયિક દુર્ઘટના નહોતી બની. શીખોના નરસંહાર દેખીતી રીતે જ રાજીવ ગાંધીને વહાલા થવા માગતા એ સમયના સાંસદોનો હાથ હતો. જગદીશ ટાઈટલર અને સજ્જનકુમાર ઉપરાંત કમલનાથ સામે પણ આંગળી ચીંધાઈ હતી. સજ્જનકુમાર સામે એમની જ જાટ જ્ઞાતિના ડૉ. સાહિબસિંહ વર્મા ચૂંટણી જંગમાં ટકરાતા રહ્યા અને બેઉ બળિયા એક પછી એક ચૂંટણી જંગ જીતતા અને હારતા રહ્યા. વર્તમાન સાંપ્રદાયિક હિંસાના મૂળિયાં નાગરિકતા સુધારણા કાનૂન સામે જંગે ચડેલ મુસ્લિમ સમાજ વિરુદ્ધ એ જ સાહિબસિંહના સુપુત્ર અને વર્તમાન સાંસદ પરવેશ વર્મા તથા વિધાનસભાની ચૂંટણી હારી ગયેલા કપિલ મિશ્રા જેવા ભાજપી નેતાઓનાં ઉશ્કેરણીજનક પ્રવચનો પછી શરૂ થયાં હતા. દિલ્હી હાઈકોર્ટના સિનિયર જજ મુરલીધરે આવાં ઉશ્કેરણીજનક ભાષણો કરનારાઓ સામે વેળાસર એફઆઈઆર દાખલ કરવાોન આગ્રહ સેવ્યો જેનો દિલ્હી પોલીસે ધરાર અનાદર કર્યો છે. એટલું ઓછું હોય એમ જસ્ટિસ મુરલીધરની રાતોરાત પંજાબ-હરિયાણા હાઈકોર્ટ ખાતે બદલી કરી દેવાઈ છે. દિલ્હી પોલીસની નિષ્ક્રિયતા અથવા શાસક પક્ષ કેજરીવાલના ઈશારે કામ કરવાની વૃત્તિ છાની નથી રહી. ગુજરાતમાં ગોધરાકાંડ પછીના ત્રણ દિવસો જેવું જ પુનરાવર્તન દિલ્હીમાં પણ થઈ રહ્યું હોવાની દહેશતને કારણે જ કોંગ્રેસના સર્વોચ્ચ નેતા સોનિયા ગાંધી ગૃહમંત્રી અમિત શાહનું નામજોગ રાજીનામું માગતાં રહ્યાં હતા. આખરે અજિત ડોભાલ અને અમિત શાહે પરિસ્થિતિનો તાગ મેળવી ઊકરતો ચરુ ઠંડો પાડવામાં સફળતા મેળવી છે - પણ દિલ્હીના મુખ્યમંત્રી કેજરીવાલે શરૂથી જ કરેલ નિદાનમાં દમ લાગેછે. કેજરીવાલે દિલ્હીમાં કોમી તોફાનોમાં દિલ્હી બહારનાં ગુંડા તત્ત્વો સંડોવાયેલા હોવાની દહેશત વ્યક્ત કરી હતી અને દિલ્હીની સીમાઓ બહારની વ્યક્તિઓ માટે સીલ કરવાની દરખાસ્ત મૂકી હતી. કેજરીવાલ પાસે અભિપ્રાય આપવાથી વધારે કોઈ જ સત્તા નથી. દિલ્હી પોલીસ કેન્દ્ર રસ્તક હોઈ સીધી જ ગૃહમંત્રાલય હેઠળ આવે છે. આખરે ગૃહમંત્રાલયે સ્પેશિયલ પોલીસ કમિશનર તરીકે નીમેલા શ્રીવાસ્તવને દિલ્હીના નવા પોલીસ વડા બનાવવા પડ્યા છે. ખુદ અજિત ડોભાલે નિવર્તમાન પોલીસ કમિશનરની દાનત પર શંકા વ્યક્ત કરી છે. જ્યાં જ્યાં હુમલા થયા, આગ ચંપાઈ ત્યાં પોલીસ સમયસર પહોંચી જ નહીં, ફાયર બ્રિગેડ પણ બે-ત્રણ દિવસ પછી પહોંચી, આમ, દુનિયાની સૌથી મોટી લોકશાહીની રાજધાનીમાં જ કાયદો અને વ્યવસ્થાની કેવી દયાજનક સ્થિતિ છે એનું દુનિયા સમક્ષ પ્રદર્શન થઈને જ રહ્યું. ટ્રમ્પ તો વડાપ્રધાનનાં વખાણ કરીને ઊપડી ગયા પરંતુ ૪૦ જેટલા નાગરિકો જે પૈકી બે તો પોલીસદળના અધિકારી હતા તે અલ્લાને પ્યારા થઈ ગયા. હુમલા કરનારાઓએ હિન્દુ સ્કૂલોને નિશાન બનાવી છે તે શું સૂચક નથી? કેજરીવાલે એમની પાર્ટીમાં આપના નેતા તાહિર હુસૈન સામે પોલીસ અધિકારીની હત્યાનો સંડોવણીનો આરોપ મુકાયો છે એને સસ્પેન્ડ કરેલ છે. બીજા પક્ષોએ એના નેતાઓને સસ્પેન્ડ કર્યા નથી કે તેમની સામે કોઈ પગલાં ભર્યા કે નથી પોલીસે એમની વિરુદ્ધ કોઈ કાર્યવાહી કરી. શાહીનબાગમાં ધરણા પર બેઠેલા મુસ્લિમ સમાજના કાર્યકરોને કડક મેસેજ આપવાનો પદ્ધતિસરનો કારસો ઘડાયો હોય એમ ઉત્તરપ્રદેશમાંથી ઊતરી આવેલા ગુંડાઓએ કાળો કેર વરતાવી દીધાનું બહાર આવી ચૂક્યું છે. શું આવી જ મોડસ ઓપરેન્ડીથી લઘુમતીનો આક્રોશ ઠંડો પડી જશે? ધધકતા જવાળામુખી પર બેઠેલી દિલ્હી આજે દુનિયાભરમાં દયાપાત્ર બની ગઈ છે.

યે મઝદૂર કા હાથ હૈ કાત્યા!

યે મઝદૂર કા હાથ હૈ કાત્યા! લોહા પીઘલા કે આકાર બદલ દેતા હૈ...યે તાકત ખૂન પસીને સે કમાઈ હુઈ રોટી કી હૈ, મુઝે કીસીકે ટુકડો પર પલને કી ઝરુરત નહીં, ... પીંજરે આકર શેર ભી કુત્તા બન જાતા હૈ કાત્યા! તુ ચાહતા હૈ મૈં તેરે વહાં કુત્ત બનકે રહું, તુ કહે તો ભોકુ,તું કહે તો કાટું... મર્દ બનને ક ઈતના હી શોખ હૈ તો કુત્તો કા સહારા લેના છોડ દે કાત્યા...

- ઘાતક

ડાયલોગથી દેવભાષા
ડો. જય ઓઝા

૧૯૯૬માં રાજકુમાર સંતોષી દિગ્દર્શિત અને સન્ની દેઓલ અભિનીત આ ફિલ્મ તેના દમદાર સંવાદ અને જાનદાર અભિનય માટે આજે પણ ક્લાસિક ફિલ્મોમાં સમાવેષિત છે. આ ફિલ્મનાં સંવાદ શ્યામ ગુપ્તાએ લખ્યા હતા. પરંતુ આ સંવાદોમાં ખરો પ્રાણ તો સન્ની દેઓલનાં અભિનયને કારણે આવ્યો હતો. ત્યારબાદ આ ફિલ્મની તેલુગુ રિમેક પણ બની હતી.

આમ તો આપણે સહું ફિલ્મના આ દશ્ય જાણતા જ હોઈએ...ડેનીનાં અડ્ડા પર આવીને તેના જ પહેલવાનોને પછાડાતા જોઈને ડેની સન્ની દેઓલને પોતાની ગેંગમાં ભળી જવા કહે છે...તેના જવાબમાં સન્ની દેઓલ ઉપરોક્ત સંવાદ બોલે છે, કે હું કૂતરો નથી,પણ સ્વાભિમાની સિંહ છું. આવા જ પ્રકારનો એક સુંદર શ્લોક ભર્તૃહરિ કૃત નીતિશતકમાં જોવા મળે છે.

લાઙ્ગૂલચાલનમધશ્ચરણાવપાતમ
ભૂમૌ નિપત્ય વદનોદરદર્શનં ચ ॥
સ્વા પિણ્ડદસ્ય કુરુતે ગજપુઙ્ગવસ્તુ
ધીરં વિલોકયતિ ચાટુશતૈશ્ચ ભુઙ્ક્તે ॥

- કુતરું ખાવા આપનારની આગળ પૂંછડું હલાવે છે, પગ આગળ નીચે પડે છે અને પૃથ્વી ઉપર પડીને મુખ તથા પેટ બતાવે છે, પણ ઉત્તમ હાથી તો ગંભીરપણાથી જૂએ છે અને મધુર વચન વડે પ્રાર્થના કરવાથી ખાય છે.

સમાજમાં પણ કેટલાક સામાન્ય માણસો થોડાક સ્વાર્થ માટે સામેની વ્યક્તિની પ્રશંસા કરે છે.તેના ગુણગાન કરતાં થાકતા જ નથી.જ્યારે સ્વમાની માણસ સ્વાર્થને જોતો નથી. સ્વમાની વ્યક્તિ સ્વમાનના ભોગે કોઈની પણ સમક્ષ નમતો નથી કે ખુશામત કરતો નથી.

ઈ.સ.પૂર્વે ૫૬-૫૭માં ભર્તૃહરિનો સમય માની શકાય. એટલે આજથી લગભગ ૨૫૦૦ વર્ષ પહેલા આ સત્ય આપણા સંસ્કૃત સાહિત્યકારે ઉચ્ચારી દીધું હતું. સમયના કેટલાય વહાણા વહી જાય પરંતુ માણસની ખાસિયત કયારેય બદલાતી નથી. વ્યવહારું જગતમાં કેટલાં બધાં સ્વાર્થી ખુશમતીયા લોકો મળી આવે છે... તે આપણાથી અજાણ્યું તો નથી જ ને!

- jayuoza@gmail.com, Mo.9898046488

૮મી માર્ચે 'નચિકેત એવોર્ડ' વરિષ્ઠ પત્રકારોને અપાશે

વૃત્તસંચય

સાહિત્ય વૃત્ત
મૂળજીભાઈ પરમાર 'દધિ'

● ગુજરાતી પત્રકારત્વક્ષેત્રે પ્રદાન કરનારા વરિષ્ઠ અને યુવા પત્રકારો અને કટાર લેખકો માટે, જાણીતા શતાયુ - રાજકીય સમીક્ષક - લેખક - વક્તા અને પદ્મશ્રી નગીનદાસ સંઘવીની પ્રેરણાથી અને ધનરાશિથી શરૂ થયેલ 'નચિકેત એવોર્ડ' આપવાની જાહેરાત થઈ છે, જેમાં વરિષ્ઠ પત્રકારની કેટેગરીમાં 'જન્મભૂમિ' પત્રના વરિષ્ઠ તંત્રી કુંદનભાઈ વ્યાસ અને જાણીતા વિવેચક-કટાર લેખક ગુણવંત શાહની અને યુવાપત્રકારની કેટેગરીમાં 'ચિત્રલેખા' સાપ્તાહિકના આસિસ્ટન્ટ એડીટર હિરેન મહેતા અને ટીવી-૯ ગુજરાતી ચેનલના અમદાવાદ ખાતેના સિનિયર એડીટર - વિકાસ ઉપાધ્યાયની પસંદગી કરવામાં આવી છે. તા. ૮મી માર્ચ, ૨૦૨૦ના રોજ રાજકોટ ખાતે યોજાનારા એવોર્ડ, વિતરણ સમારોહમાં પૂજ્ય મોરારિબાપુના હસ્તે, વરિષ્ઠ પત્રકારોને સન્માનપત્ર અને રૂા. ૫૧,૦૦૦/- ધનરાશિ, જયારે યુવાપત્રકારોને સન્માનપત્ર અને રૂા. ૨૫,૦૦૦/- ની ધનરાશિથી સન્માનવામાં આવશે. આ એવોર્ડ માટે પસંદગી સમિતિના વરિષ્ઠ પત્રકાર દેવેન્દ્રભાઈ પટેલ, જાણીતા લેખક - વક્તા ભાગ્યેશભાઈ જહા, ચિત્રલેખાના તંત્રી ભરત ઘેલાણી અને 'નવ ગુજરાત સમય' ના તંત્રી અજય ઉમટે સેવાઓ આપી હતી. સર્વે પ્રતિભાશાળીઓને અભિનંદનસહ શુભકામનોઓ.

● ગાંધીનગરના જાણીતા અને વરિષ્ઠ દલિત સાહિત્યકાર દલપત ચૌહાણને તેઓના નિબંધ સંગ્રહ, 'હું, સંભારણાં અને સફર' માટે, ગુજરાતી સાહિત્ય પરિષદનું શ્રેષ્ઠ નિબંધ સંગ્રહ માટેનું પારિતોષિક એનાયત થનાર છે. સાહિત્યના દરેક ક્ષેત્રમાં ખેડાણ કરી, ઘણા એવોર્ડ - પારિતોષિક મેળવનારા દલપત ચૌહાણને અભિનંદનસહ શુભકામનાઓ.

- muljibhaidhadhi@gmail.com, Mo. 9824236893

કાગના ફળિયે કાગની વાતું : ભગતબાપુની પાવન સ્મૃતિ

જે સમાજ પોતાના સર્જકો તેમજ કવિ-કલાકારોને સમયસર યાદ કરે છે તે સ્વસ્થ સમાજ છે. જે સર્જકો ઘણાં વર્ષો પહેલા આ દુનિયાને અલવિદા કરીને ગયા હોય તેમણે પોતાના સર્જન થકી સાહિત્ય અને સમાજ બન્નેની શોભા વધારી છે. કવીશ્વર દલપતરામના જન્મને બસ્સો વર્ષના વહાણાં આ વર્ષમાં વાઈ ગયા. આથી ૨૦૨૦ ના વર્ષમાં આ મહાન સર્જકની સ્મૃતિમાં અનેક કાર્યક્રમો થાય છે. મહાકવિ નાનાલાલની જન્મ જયંતિ પણ દરેક ગુડી પડવા – ચૈત્ર સુદ એકમના દિવસે સુચારું આયોજનથી ઉજવાય છે. આવા અન્ય કેટલાક પ્રસંગો પણ ટાંકી શકાય. આજ વિચારધારામાંથી તથા પૂજ્ય મોરારીબાપુની પ્રેરણા તેમજ હૂંફથી દર વર્ષે કવિ કાગની સ્મૃતિમાં કવિની પુણ્યતિથિના યાદગાર દિવસે ભગતબાપુ – કવિ કાગની ચેતનાને વંદન કરવાનો સુઆયોજિત ઉપક્રમ યોજવામાં આવે છે. ભગતબાપુ નૂતન યુગના ચારણ કવિ છે. ગાંધી યુગની અસરને તેમણે ખૂબીપૂર્વક પોતાની ચિરંજીવી રચનાઓમાં ઝીલી છે. મોરારીબાપુએ કવિ દુલા ભાયા કાગની જન્મભૂમિ મજાદર (કાગધામ) માં એક રામકથા પણ કરી હતી. કવિઓ - સર્જકોની આવી સ્મૃતિમાં હમણાંજ બાપુએ દિગ્ગજ સર્જક ઉમાશંકર જોશીની સ્મૃતિમાં એક રામકથા કરી તે સહેજે સ્મૃતિમાં આવે છે. કવિ કાગની સ્મૃતિમાં યોજવામાં આવતો કાર્યક્રમ એ સમસ્ત કાગધામ માટે તેમજ આસપાસના ગામડાઓ માટે વાર્ષિકોત્સવ જેવો થઈ ગયો છે. દૂર દૂરથી અનેક કાગ પ્રેમીઓ પણ આ કાર્યક્રમને માણવા માટે અચૂક આવે છે. આ કાર્યક્રમનાજ એક ભાગ તરીકે અનેક અધિકારી તથા સુપાત્ર વ્યક્તિઓને કાગ એવોર્ડથી નવાજવામાં આવે છે. બાપુની પ્રેરણાથી ઉજવાતા કાગ મહોત્સવમાં પોતાનું નાનું મોટું યોગદાન આપનાર સૌ ધન્યવાદને પાત્ર છે. જેઓના નસીબમાં હોય તેમનેજ કવિને પોંખવાનો અવસર પ્રાપ્ત થાય છે. કવિરાજ શંકરદાનજી દેથાએ પોરબંદરના રાજવીને સંબોધીને કહેલો એક જાણીતો દુહો આ સંદર્ભમાં યાદ આવે છે.

લખ્યા હોય લલાટ,
અક્ષર કીર્તિ તણાં,
તોજ પંડિત અને કવિથી
પ્રીત,
બંધાય બરડાના ધણી.

એકવાર મેઘાણીભાઈને કોઈએ પૂછ્યું: ''મેઘાણીભાઈ, તમે કવિ કાગને મળ્યા છો ? '' મેઘાણીભાઈએ જવાબમાં ના કહી. આથી પ્રશ્ન પૂછનારે વાતનો દોર લંબાવતા કહ્યું: ''મેઘાણીભાઈ ! તમે તેમને જરૂર મળજો. કવિ કાગ તો ફાટેલ પિયાલાનો ચારણ કવિ છે.'' મેઘાણીભાઈના મનમાં આ શબ્દો જાણે કોતરાઈ ગયા. '' ફાટેલ પિયાલાનો કવિ ! '' હવે ક્યારે મેળાપ થાય! મેઘાણીભાઈના મનમાં કાગને મળવાની ઉત્સુકતાએ ઘર કર્યું. ઝવેરચંદ મેઘાણીની આ ખૂબી હતી. કારણ કે એ ખરા અર્થમાં સંશોધકનો જીવ હતા. આથી તેમના સ્વભાવ મુજબ કાગને મળવા ઉત્સુકતા થાય તે સ્વાભાવિક વાત હતી. એમાં એક દિવસ ભાવનગરમાં જેની વાટ જોવાતી હતી તે ઘટના બની. મેઘાણીભાઈને કોઈએ કવિ કાગની ઓળખ કરાવી. સાદા પાનકોરના કપડામાં વિટળાયેલા આ તેજસ્વી આંખોવાળા અને ઘાટા કેશ-દાઢી વાળા સીધા અને સરળ છતાં પ્રભાવી વ્યક્તિત્વ ધરાવતા નિજાનંદી કવિને જોઈ મેઘાણીભાઈએ પ્રસન્નતાનો ભાવ અનુભવ્યો. અલબત્ત, મેઘાણીભાઈની અનુભવી આંખોએ ક્ષણમાત્રમાં એ બાબત સમજી લીધી કે આ ચારણ કવિ કોઈ રાજદરબારમાં જઈને ઊભો રહેનાર કવિ નથી. મેઘાણીભાઈની આ પ્રતિતિ સર્વથા સાચી પડી. કવિ શ્રી દુલા ભાયા કાગ જેને જગત ભગતબાપુના સન્માનયુક્ત નામથી ઓળખે છે તેઓ રાજદરબારના આકર્ષક માર્ગને છોડીને લોકદરબારમાં ગયા. લોકવાણીનો પ્રતિઘોષ આ કવિની બળકટ વાણીમાંથી ઊઠ્યો છે. કવિએ નૂતન યુગને પારખ્યો છે. મેઘાણીભાઈએ કાગની રચનાઓમાં નવપ્રયાણની પગલીઓનું દર્શન કરેલું છે. સાહિત્ય મર્મજ્ઞ શ્રી વિનુ મહેતાને કાગવાણી ''લોકગ્રંથ સાહેબ'' જણાય છે.

ક્ષણના ચણીબોર
વી. એસ. ગઢવી

સાહિત્યના અનેક સ્વરૂપોમાં કવિ કાગનું નોંધપાત્ર પ્રદાન છે. આમછતાં તેમની વાણી ભજનોમાં સોળે કળાએ ખીલી ઊઠી હોય તેમ સતત અનુભવી શકાય છે. તેમની અનેક રચનાઓ તો લોકજીભે ચડી ગયેલી છે અને સતત ગવાતી તથા સંભળાતી જોવા મળે છે. '' પગ મને ધોવા દ્યો રઘુરાય '' કે ' આવકારો મીઠો આપજે ' એ આ પ્રકારની રચનાઓ છે. અનેક વિષયોને પસંદ કરીને વિચાર તથા આચારની ઉન્નતિ માટે પ્રોત્સાહક બની શકે તેવી રચનાઓ કવિએ સમાજના ચરણે ભેટ ધરી છે. કવિ તેમની એક રચનામાં લખે છે કે માણસ માત્ર માટે પ્રકાશની પ્રાપ્તિ સહજ છે. અજવાળું તો આવવા તૈયાર છે પરંતુ આપણે તે માટે બારી-બારણાં તો ખોલવા પડે ને ? નૂતન વિચારોના સ્વાગત અને સ્વીકાર માટે કવિને ખુલ્લા દ્વાર જેવું જીવન અનુકૂળ જણાય છે.

તમારાં દ્વાર ખોલો તો આવું
બાર તમારે કાયમ બેસું
યાદ કરો તો આવું....
તમારા....
કાગ નિયમ છે કાયમ એવો
ખુલ્લા દ્વારમાં જાવું...
હું અજવાળું જગ અજવાળું
બાર નહિ ખખડાઉં...
તમારાં...

કવિ કાગને દેશ આઝાદ થયો તે પહેલા મહાત્મા ગાંધી તરફ અને દેશ સ્વાધીન થયો તે પછી વિનોબાજી તરફ અનેરું આકર્ષણ રહ્યું. રવિશંકર મહારાજના નિયમિત સંપર્કથી કવિએ ભૂદાન ચળવળને સંબંધિત અનેક લોકપ્રિય રચનાઓનું સર્જન કર્યું. ૧૯૫૫ માં મહારાજ મજાદર ગયા અને કવિ ભૂદાનના રંગે રંગાઈ ગયા. કવિ લખે છે કે રવિશંકર મહારાજના સત્સંગથી મનની મલિનતા દૂર ભાગે છે.

રવિશંકર કી મુરલીકો
રુચિર સુન્યો જબ રાગ
હુલસ્યો હિય ભૂદાનમેં
રીઝ્યો કાગ સુનાગ.

૧૯૩૮ માં કોંગ્રેસ મહાસભાની બેઠક જ્યારે દક્ષિણ ગુજરાતના હરિપુરા ગામે યોજવામાં આવી ત્યારે કવિ કાગે ગાંધીજીની ઉપસ્થિતિમાં 'મોભીડો' નામની તેમની પ્રસિધ્ધ રચના રજૂ કરી સૌની પ્રસન્નતા મેળવી હતી.

સો સો વાતુનો જાણનારો
મોભીડો મારો ઝાઝી
વાતુનો ઝીલનારો...
ઝીણી ઝૂંપડીએ ઝીણી
આંખડીએ
ઝીણી નજરથી જોનારો
પોતે ચણેલામાં પોલ ભાળે
તો
પાયામાંથી પાડનારો...
ગાંધી મારો...

કાગવાણીની અનેક રચનાઓ દીર્ઘકાળ સુધી જીવંત રહે તેવા સત્વવાળી છે. અલગ અલગ રુચિ ધરાવતા અનેક સાહિત્યપ્રેમી લોકોએ કવિ કાગની રચનાઓ હમેશા માણી છે અને બીરદાવી છે. પૂજ્ય મોરારીબાપુ પ્રેરીત અનેક ભાતીગળ ઉપક્રમોમાં કાગની સ્મૃતિને વંદન કરવાનો આ કાર્યક્રમ અનોખી પ્રસન્નતા પ્રદાન કરે તેવો છે.

સ્મરીએ ગાંધીપુત્ર વિનોબાના કાર્યોને

ગાંધી વિચારનો આધ્યાત્મિક અને રચનાત્મક વારસો વિનોબાએ દીપાવ્યો

વિનોબા ભાવે મહાત્મા ગાંધીના આધ્યાત્મિક વારસદાર છે. મહાત્મા ગાંધી અને કસ્તૂરબાની આપણે દોઢસોમી જયંતિ ઉજવી રહ્યા છીએ. તેમ આ વર્ષ વિનોબાને પણ સવાસોમી જન્મજયંતિ ઉજવણીનું વર્ષ છે. તેમણે ગાંધીમાં બંગાળની ક્રાંતિ અને હિમાલયની શાંતિના દર્શન કર્યા. ૧૯૧૮માં તેમણે ગાંધીજીને પિતા તરીકે સ્વીકાર્યા હતા. આ સમયે ગાંધીએ તેમને પત્રમાં લખ્યું હતું કે, 'તમે મને જે પદ આપ છો એ તમારા પ્રેમની ભેટ તરીકે હું સ્વીકારું છું. તે પદને લાયક બનવા પ્રયત્ન કરીશ, અને જયારે હું હિરણ્યકશ્યપ નીવડું ત્યારે પ્રહલાદ ભક્તની જેમ મારો સાદર નિરાદર કરજો.' તમારો ઉપયોગ હિંદની ઉન્નતિને સારું થાઓ એમ હું ઈચ્છું છું. પિતાના આ વાક્યને પુત્ર વિનોબાએ આજીવન પાળી બતાવ્યો. અને ગાંધીની હયાતી અને બિનહયાતીમાં પણ ગાંધી વિચારનું અજવાળું પાથરવાનું કાર્ય કર્યું. ૧૯૧૮થી એટલે કે ગાંધી - વિનોબાએ એકબીજાને પિતા-પુત્ર તરીકે સ્વીકાર્યા પછી લગભગ ત્રીસ વર્ષ તેમણે તદ્દન અજ્ઞાન રહીને ભારતમાં રચનાત્મક કાર્યોની ધૂણી ધખાવી.

દેશની આઝાદી પછી મહાત્મા ગાંધીએ કોંગ્રેસને રચનાત્મક માર્ગે વાળી રાષ્ટ્ર નવનિર્માણના કામમાં લગાડવાનું વિચાર્યું હતું. કોંગ્રેસને લોકસેવક સંઘમાં પરિવર્તિત થવાનું સૂચન કર્યું હતું. ગાંધીજીએ એવી કલ્પના સેવેલી કે દેશના પાંચ લાખ ગામોમાં એક એક સ્વયં સેવક બેસી જાય અને નિરંતર રચનાત્મક કાર્યકરો તેમના કામ દ્વારા ગામની અને સરવાળે દેશની કાયાપલટ કરે. આ માટે ફેબ્રુઆરી ૧૯૪૮ના પ્રથમ સપ્તાહમાં સમગ્ર દેશના રચનાત્મક કાર્યકરોનાં સંમેલનમાં દિલ્હી તેડાવ્યા હતા.

પરંતુ ૩૦ જાન્યુઆરી ૧૯૪૮એ તેઓ શહીદીને વર્યા. એણની ગેરહાજરીમાં માર્ચ મહિનામાં વર્ધા ખાતે કાર્યકરોની મીટીંગ મળી હતી. ત્યારે ઉપસ્થિત સહુની નજર ગાંધીજીએ ૧૯૪૦માં નવેસરથી સત્યાગ્રહ શરૂ કર્યો હતો. તેના સૌથી પહેલા સૈનિક તરીકે જેમની પસંદગી કરી તે આચાર્ય વિનોબા ભાવે. ગાંધીની ગેરહાજરીમાં સહુની માર્ગદર્શન કરે એવી મીટ મંડાઈ હતી. આ સંમેલનમાં જવાહરલાલ નહેરુ પણ હાજર રહ્યા હતા. વિનોબાજીએ પંડિતજીને રચનાત્મક કાર્યોમાં સહાય માટે સૂચન કર્યુ હતું. એ સમયનું તાકીદ અગત્યનું કામ હતું 'શરણાર્થીઓને વસાવવાનું કામ.' આ કામ પંડિતજીએ વિનોબાને સોંપ્યું. એ કામ માટે તેઓ દિલ્હી પણ ગયા પરંતુ ગાંધીના કેળવાયેલા આ રચનાત્મક કાર્યકરને છ મહિનાના અનુભવે સમજાયું કે 'નોકરશાહીમાં સોંપાયેલા કામનો અસરકારક અમલ થતો નથી' - એ પછી તેમણે આ કામ છોડી દીધું.

જો કે વિનોબાએ 'સર્વનો ઉદય' ના ગાંધી સંકલ્પને સાર્થક કરવાનો પ્રયત્ન છોડ્યો ન હતો. એ વખતે શિવરામપલ્લી, તેલંગાણામાં યોજાનારા સર્વોદય સંમેલન યોજાયું હતું. જેમાં હાજર રહેવા સર્વોદયવાદીઓએ આગ્રહ તેમને કર્યો હતો. વિનોબાજી રોજની ૧૭ માઈલની પદયાત્રા કરીને ત્યાં જવા માટે નીકળ્યા

ગાંધી ૧૦૦
ડો. રાજેન્દ્ર જાની

હતા. રસ્તામાં તાવ ચડ્યો છતાં પણ તેમણે તેમની પદયાત્રા રોકી નહીં. આ સંમેલનમાંથી પરત ફરતી વખતે નજીકના પોચમપલ્લી ગામે સાંજની પ્રાર્થના સભા હતી. પ્રાર્થના સભામાં હાજર કેટલાંક અનુસૂચિત જાતિના બાંધવોએ શ્રમ કરીને રોટલો રળવા માટે જમીનની માગણી રજૂ કરી. આ વાતને વિનોબાજીએ રાત્રે ગામસભામાં રજૂ કરી. એ ગામના એક સજ્જન રામચંદ્ર રેડ્ડીએ સભામાં ૧૦૦ એકર જમીન દાનમાં આપવાની જાહેરાત કરી.

આ પ્રસંગને વર્ણવતા વિનોબા નોંધે છે કે 'એ દિવસે રાત્રે ત્રણ-ચાર કલાક મને ઊંઘ ન આવી. 'આ શું થયું?' હું વિચારવા લાગ્યો. મને બે વાતમાં વિશ્વાસ છે. નંબર એકમાં ભગવાન અને નબંર બેમાં ગણિતશાસ્ત્ર. તો મારું ગણિત ચાલ્યું. જો ભારતના તમામ ભૂમિહિનો માટે જમીન માગવી હોય તો કુલ પાંચ કરોડ એકર જમીન જોઈએ.એ પછી ઈશ્વર સાથે સંવાદ ચાલ્યો. ને ઈશ્વર પર શ્રદ્ધા રાખી - 'જેણે બાળકના પેટમાં ભૂખ રાખી છે, તેને માતામાં દૂધ પણ રાખ્યું ચે.' અને બીજા દિવસથી વિનોબાજીએ ભૂદાન માગવાનું શરૂ કર્યું.

ગાંધીના માત્ર આધ્યાત્મિક જ નહીં રચનાત્મક કાર્યોના પણ વારસદાર રહ્યા એવા વિનોબાજીની સવાસોમી જયંતિના વર્ષે વિનોબાના લોક રચનાત્મક કાર્યોની ઉજાશ અહીં આપણે સ્મરતા રહીશું.